મુંબઈ સમાચાર
મુંબઈ, ગુરુવાર, તા. ૧-૩-૨૦૧૨

## પ્રમુખીય લોકશાહી:

# આપણે ત્યાં પ્રધાનપદ સોદાબાજીનું મુખ્ય અંગ!

ફોકસ
જશવંત બી. મહેતા
jashwant@theemerald.com



**સંસદીય** લોકશાહીના સમર્થકો એવી દલીલ કરે છે કે આપણે ત્યાં આપણી લોકશાહીમાં વડા પ્રધાનને સંસદની બહારથી કોઈ યોગ્ય વ્યક્તિની પ્રધાન તરીકે પસંદગી કરવી હોય તો તેને રાજ્યસભામાં ચૂંટણી વગર પણ પ્રમુખને ભલામણ કરી નીમી શકે છે. રાજ્યસભામાં કુલ ૨૫૦ સભ્યોમાંથી ૧૨ સભ્યોની નિમણૂક વડા પ્રધાનની ભલામણ મુજબ કરવાની પ્રમુખને છૂટ છે. રાજ્યસભામાં સભ્યોની મુદત ૬ (છ) વર્ષની હોય છે અને દર બે વર્ષે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્તિ લે છે. એથી વધારેમાં વધારે આવી ચાર વ્યક્તિઓની નિમણૂક દર બે વર્ષે થઈ શકે. પણ અત્યાર સુધીમાં જોવામાં આવ્યું છે કે છેલ્લાં [illegible] વર્ષમાં કેન્દ્રમાં જેટલા પ્રધાનો હોદ્દા પર આવ્યા એની કુલ સંખ્યામાંથી માંડ એકાદ બે ટકાની જ નિમણૂંક વડા પ્રધાને સંસદની બહારથી કરી છે. પ્રધાન બનેલી સેંકડો વ્યક્તિઓમાંથી અત્યાર સુધી બહુ જ થોડાં એવાં દૃષ્ટાંત જોવા મળે છે કે જેમાં વડા પ્રધાને સંસદ બહારની નિષ્ણાત વ્યક્તિઓની નિમણૂંક કરી હોય (આમાં શ્રી સી. ડી. દેશમુખ, જોન મથાઈ, શ્રી મનમોહન સિંહ, શ્રી વી. કે. રાવ જેવી વ્યક્તિઓની ગણના કરી શકાય). આથી આ દલીલને સમર્થન નથી મળતું. આનો વિચાર કરતા નીચે મુજબનાં તારણો તારવી શકાય:

(૧) વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનને પોતાના પક્ષના સભ્યોને પ્રથમ સંતોષવા પડે છે. (૨) પક્ષ બહારની વ્યક્તિ પોતે પણ હાલની પદ્ધતિમાં પ્રધાનમંડળમાં જોડાવાનું ભાગ્યે જ પસંદ કરે, કેમ કે બધા જ રાજકારણીઓની વચ્ચે આવી એકાદ વ્યક્તિએ ગોઠવવાનું અને પક્ષીય રાજકારણથી પર રહી



જેટલા સભ્યો ખિસ્સામાં, એટલી ઊંચી પદવી !

પોતાની સ્વતંત્ર સલાહ કે વિચારસરણી રજૂ કરવી એ એક મુશ્કેલ કાર્ય છે. આવી વ્યક્તિઓમાં સામાન્ય રીતે રાજકારણીઓમાં જોવા મળતો દંભ હોતો નથી. આપણી હાલની પરિસ્થિતિમાં પ્રધાન બન્યા પછી આવી વ્યક્તિને નાછૂટકે પણ રાજકારણમાં સક્રિય ભાગ ભજવવો પડે છે. છેલ્લાં આઠ વર્ષનો આપણો અનુભવ એમ સૂચવે છે કે પ્રધાનપદનો ઉપયોગ આપણે ત્યાં મુખ્ય પ્રધાન અથવા વડા પ્રધાન દ્વારા પોતાની ખુરશીને સલામત રાખવા માટે મુખ્યત્વે થતો હોય છે. વિવિધ જૂથો અથવા પક્ષોનો ટેકો મેળવવા માટે પ્રધાનપદ સોદાબાજીનું એક મુખ્ય અંગ બની ગયું છે. મુંબઈ હાઈ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ મર્હુમ શ્રી ચાગલાના શબ્દોમાં (આપણા દેશમાં) પ્રધાનપદ એ કાર્યક્ષમતા કે લાયકાતનો પુરસ્કાર હોવાને બદલે 'બેવફાઈ રોકવાનું એક પ્રતીક પુરવાર થયું છે.' પોતાનું સ્થાન ટકાવવા મુખ્ય પ્રધાન કે વડા પ્રધાન માટે પ્રધાનમંડળનું કદ વિસ્તારવું એ એક સામાન્ય ઘટના થઈ પડી છે. (ક્રમશ) ■